

**સારા શિક્ષણનો ધ્યેય છે : માનવનો વિકાસ**

# જ્ઞાનપરબ

*સામાન્ય અભ્યાસ માટે માહિતી પુરું પાડતું લવાજમ વિનાનું માસિક ઈ–મુખપત્ર*

**અંક નં. : ૪ માસ : ઓગષ્ટ વર્ષ : ૨૦૧૪**

## આ અંકમાં

(૧) મારી વાત..

(૨) મનોમંથન

(૩) Table of tense

(૪) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ


(૫) બાલા પ્રોજેક્ટ

(૬) જુલાઈ રાઉન્ડ અપ

(૭) શબ્દકોશનો ઉપયોગ

(૮) સમાસ

(૯) બાળ મનોવિજ્ઞાન




**સંપાદક**

**મિથુન પટેલ**

**મદદનીશ શિક્ષક**

**શ્રી લેંડાઉ પ્રા.શાળા**

**તા. થરાદ જિ.બનાસકાંઠા**

ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION

GyanParab
Educational E-News Letter

'જ્ઞાનપરબ' દર માસની ૧ થી ૩ તારીખ દરમિયાન પ્રકાશિત કરવામાં આવ છે.આ માસિક પત્ર માટે કોઈ પણ લવાજમ લેવામાં આવતું નથી.

'જ્ઞાનપરબ' ને આપણા ઈ–મેઈલ બોક્ષમાં મેળવવા માટે *SEND ME GYANPARAB* લખીને અમારા ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી આપવું.

Email: **mithunpatel09@gmail.com**

આપ 'જ્ઞાનપરબ' ને ઓનલાઈન

www.mspatel09.in

પરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

## વાચક મિત્રોને ....

- આ સામયિક નો મુખ્ય હેતુ શૈક્ષણિક તેમજ વર્તમાન પ્રવાહોની માહિતી પુરી પાડવાનો છે.
- મિત્રો શિક્ષકો તેમજ બાળકોને ઉપયોગી થાય તેવા ઉપયોગી, પ્રેરણાદાયી, ટૂંકા લેખો જ્ઞાનપરબ માટે આવકાર્ય છે.
- આપ આપણા શૈક્ષણિક લેખો કે વિચારો અમારા ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી શકો છો.
- જે તે લેખ કે વિચાર માટેની જવાબદારી જે તે લેખકની રહેશે.
- જ્ઞાનપરબ માટે આપણા પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય છે.

## ૧.મારી વાત.

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર નમસ્કાર !

'જ્ઞાનપરબ' ના ઓગષ્ટ–૨૦૧૪ ના ચોથા અંકના માધ્યમથી આપ સૌને મળતાં અનેરા આનંદ અને ઉત્સાહની લાગણી અનુભવું છું.

આપ સૌ વાચક મિત્રો પૈકી ઘણા મિત્રો સામાયિક માટે લવાજમ સ્વિકારી પોસ્ટથી મોકલી આપવા જણાવે છે. મિત્રો આ સામાયિક આપ સૌનું છે.આ સામાયિક માટે કોઈ પણ જાતનું લવાજમ હાલમાં કે ભવિષ્યમાં સ્વિકારવામાં આવશે નહિ. મારી આપ સૌ મિત્રોને નમ્ર વિનંતી છે કે આપ તેની પ્રિન્ટ લઈ આપ આપણા અન્ય મિત્રો સુધી પહોંચાડશો તો મને આ કામનો વધુ આનંદ આવશે.

આ અંકમાં ગયા અંકોની જેમ આપણે બધાને થોડું મનોમંથન કરવા પ્રેરે તેવી 'તે ઉઘાડા પગે આવ્યો...' નામે નાની વાત મૂકી છે.ઉપરાંત આપ સૌને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી થાય તેવું ભાથું પીરસવાનો પ્રયાસ કર્યો છે.વાચન વિશેષમાં રાજયની કેટલીક પ્રાથમિક શાળાઓમાં અમલી *'બાલા પ્રોજેક્ટ'* વિશે માહિતી આપવાનો તથા જુલાઈ માસમાં બનેલા અગત્યના બનાવોની તારીખવાર નોંધ આપવાનો નાનો પ્રયાસ કરેલ છે.

આશા રાખીએ છીએ કે આ અંક આપણને ઉપયોગી નીવડશે.

જય જય ગરવી ગુજરાત'

આભાર સહ

મિથુન પટેલ

## ૨.મનોમંથન

# તે ઉઘાડા પગે આવ્યો

– ગુલાબરાય જોબનપુત્રા

એક ગામમાં એક ડોસો અને એક ડોસી રહેતા હતાં. એમને કોઈ સંતાન ન હતું.નાનું મોટું વણાટનું કામ કરતા અને ગુજરાન ચલાવતાં.દિવાળીનો તહેવાર આવતો હતો. ડોસીએ કહ્યું : 'દિવાળીનો તહેવાર આવે છે , પણ ઘરમાં કંઈ છે નહિ , શું કરીશું ? 'ડોસાએ એક કામળો હમણાં જ પૂરો કર્યો હતો. એટલે કહ્યું : ' મને કામળો દે , હું વેચી આવું !' ડોસો કામળો લઈને બાજુના ગામમાં વેચવા નીકળ્યો. એ ગામ મોટું હતું એટલે ખપત રહેતી.

ડોસો આખો દી' ગામમાં ફર્યો પણ કામળાનું કોઈ ઘરાક ન થયું. સાંજ પડવા આવી કે તે પોતાના ગામ પાછો વળ્યો. ચાલતાં ચાલતાં તે એક ત્રિભેટે પહોંચ્યો.ત્રિભેટે એક મંદિર હતું. મંદિરમાં ભગવાન રામ બિરાજયા હતા, મૂર્તિ વિશાળ કદની હતી. ભગવાન રામ ભેગા સીતા મૈયા અને લખન ભૈયા તો હોય જ , પણ અહીં , મંદિરની વિશેષતા જાણો તો વિશેષતા કે , ભગવાન રામ એકલા જ બિરાજયા હતા. સાંજ ઢળી ગઈ હતી, એટલે ઠંડી વળી ગઈ હતી. આ વખતે હિમાલયની ગિરિમાળામાં બરફ વહેલો પડયો હતો, એટલે ઠંડી પણ વળી ગઈ હતી. આમ પણ ડોસાને ટાઢ પણ લાગતી હતી અને થાકયો પણ હતો , એટલે ભગવાન રામના દર્શન કરવા અને થોડો વિસામો ખાવા મંદિરમાં દાખલ થયો. તેણે ભગવાન રામનાં દર્શન કર્યા , અને તેની મૂર્તિ સન્મુખ બેઠો. સભા મંડપ ખુલ્લો હતો, ઠંડા પવનના સુસવાટા આવતા હતા. ડોસાને ટાઢનું લખલખું આવી જતું હતું. તે મૂર્તિ સામે એક ધ્યાન થઈને બેઠો હતો અને કોણ જાણે તેને થયું કે, મને ટાઢ લાગે છે, તો મારા વહાલાને નહિ લાગતી હોય ? તેને જાણે કોઈએ દોર્યો, ઊભો થયો, ગર્ભગૃહમાં ગયો અને ભગવાન રામને કામળો લપેટી દીધો. અને બોલ્યો, 'લે પ્રભુ, હવે તને ટાઢ નહિ લાગે!' આ પછી થોડો વિસામો ખાઈને તે પોતાના ગામ ભણી ચાલી નીકળ્યો.

તે ઘરે પહોંચ્યો. ડેલીની સાંકળ ખખડાવી. ડોસીએ ડેલી ખોલી. ડોસાના હાથમાં કામળો ન હતો. ડોસીને થયું કે કામળો ખપી ગયો લાગે છે, હહવે ભલે દિવાળી આવે! ડોસો ઘરમાં દાખલ થયો. તે થાકી ગગો હતો, પણ સૂતો નહિ, ગોદડું ઓઢીને બેઠો. ડોસી પણ તેની પાસે બેઠી. પછી ડોસાએ થોડીક નિરાશામાં કહ્યું, 'આજે કામળાનું કોઈ ઘરાક ન થયું.'

ડોસીએ પૂછ્યું : ' તો કામળો કયાં ?'

ડોસાએ કહ્યું : 'મેં રામ ને ઓઢાડી દીધો.'

ડોસીએ પૂછ્યું : 'કયાં ? '

'ત્રિભેટાના મંદિરે.' ડોસી તેની સામે જોઈ રહી, પણ ગુસ્સે ન થઈ, તેનું હૈયું માર્દવભર્યુ હતું એટલે બોલી, 'તમે જે કર્યુ તે ઠીક કર્યુ.'

પછી ડોસીએ કહ્યું : 'થાકી ગયા હશો, લો હું ખાટલો ઢાળું.' ડોસી ખાટલો ઢાળવા ગઈ, એ ટાણે ડેલીએ હળવેથી ટકોરા પડયા. ડોસીને થયું : 'અત્યારે કોણ હશે ?' ડોસાએ જઈને ડેલી ખોલી, પણ ત્યાં કોઈ ન હતું . ડેલીની આગળ એક થેલી પડી હતી.ડોસાએ તે થેલી લીધી, ડેલી વાસી અને અંદર આવ્યો. તેણે ડોસીને કહ્યું : 'ડેલીએ તો કોઈ ન હતું, આ કોથળી પડી હતી.'

તેણે ડોસીને કોથળી દીધી અને કહ્યું, 'જોતો ખરી માંહ્ય શું છે ?' ડોસીએ કોથળીનું મોઢું ખોલ્યું કે માંહ્ય સોના–ચાંદીના સિકકા દીઠા ! ડોસીને નવાઈનો પાર ન રહયો. ડોસાને આ કૌતુક સમજાણું નહિ. એ આખી રાત બેચેન નીંદર ન આવી. વહેલા ઊઠીને ડોસાએ ડેલી ખોલી તો ડેલીના આગળ ધૂળમાં કોઈના પગલાં દીઠા અને એ પગલાં પાછાં પણ વળ્યાં હતાં ! અને ડોસાનો અંતરાત્મા બોલી ઊઠયો, 'નકકી આ પગલાં મારા રામનાં છે! મારો વહાલો ઉઘાડે પગે કામળાના પૈસા દેવા આવ્યો હતો !' તેની આંખોમાં આંસુ આવી ગયાં, ડોસીએ પણ જયારે વાત સાંભળી ત્યારે તેની આંખો પણ છલકાઈ ઊઠી !

પછી તેઓએ રંગેચંગે દિવાળી ઊજવી.

*જો તમે ભગવાનના છો, તો ભગવાન તમારો છે.*

['અખંડ આનંદ' ઓગષ્ટ – ૨૦૧૩ માંથી સાભાર]

# 3. Table Of Tenses

| | Simple સાદો કાળ | Continue ચાલુ કાળ to be + વર્તમાન કૃદંત | Perfect પૂર્ણ કાળ to have + ભૂત કૃદંત | ચાલુ પૂર્ણ કાળ to have + been +વર્તમાન કૃદંત |
|---|---|---|---|---|
| વર્તમાન Present Tense હકાર | I play. He(She/It) plays. | I am playing. We are playing. He is playing. | I have played. | I have been playing. |
| Negative : નકાર | I do not play. He does not play. | I am not playing. | I have not played. | I have not been playing. |
| Intrrogative : પ્રશ્નાર્થ | Do I play ? Does he play ? | Am I playing ? | Have I played ? | Have I been playing? |
| Usages : ઉપયોગ: | વર્તમાનની હંમેશની ક્રિયા દર્શાવવા | વર્તમાનની ચાલુ ક્રિયા દર્શાવવા | ક્રિયા પુરી થઈ ગઈ હોય પણ તેની અસર વર્તમાનમાં છે તે દર્શાવવા. | ભૂતકાળમાં શરૂ થયેલ ક્રિયા હજી ચાલુ છે તે બતાવવા |
| Sign : નિશાની | Everyday , daily , often , always | Now | Just , just now , yet , ever , never , already , since , for | અનુસંધાને બીજી ક્રિયા દર્શાવેલ હોય છે. |
| ભૂતકાળ Past Tense હકાર | I played. | I was playing. We were playing. | I had played. | I had been playing. |
| Negative : નકાર | I did not play. | I was not playing. | I had not played. | I had not been playing. |
| Intrrogative : પ્રશ્નાર્થ | Did I paly? | Was I playing ? | Had I played ? | Had I been Playing ? |

સાધના

| | | | | | |
|---|---|---|---|---|---|
| Usages :<br>ઉપયોગ: | નજીકના ભૂતકાળમાં થયેલ ક્રિયા દર્શાવવા. | ચોકકસ સમયે ભૂતકાળમાં બની રહેલી ક્રિયા દર્શાવવા. | દૂરના ભૂતકાળની ક્રિયા દર્શાવવા બે ક્રિયાના અનુસંધાનમાં પ્રથમ ક્રિયા પૂર્ણ ભૂતકાળની હોય છે. | ભૂતકાળમાં શરૂ થયેલ ક્રિયા ભૂતકાળમાં ચાલુ હતી તે દર્શાવવા. |
| Sign :<br>નિશાની | Yesterday ,last day | When , while ,before , after | When , after , before , last | When |
| ભવિષ્યકાળ<br>FUTURE Tense<br>હકાર | I shall play,<br>You will play. | I shall be playing.<br>You will be playing. | I shall have played.You will have played. | I shall have been playing. |
| Negative :<br>નકાર | I shall not play. | I shall not be playing.<br>You will not be playing. | I shall not have played.<br>You will not will have played. | I shall not have been playing. |
| Interrogative :<br>પ્રશ્નાર્થ | Shall I play?<br>Will you play? | Shall I be Playing?<br>Will you be playing? | Shall I have played?<br>Will you have played? | Shall I have been playing? |
| Usages :<br>ઉપયોગ: | ભવિષ્યમાં થનારી ક્રિયા માટે | ભવિષ્યમાં કોઈ ચોકકસ સમયે કોઈ ક્રિયા ચાલુ હશે તે દર્શાવવા | ભવિષ્યમાં કોઈ ચોકકસ સમય પહેલાં કોઈ ક્રિયા થઈ ગઈ હશે તે દર્શાવવા | ભૂતકાળમાં શરૂ થયેલ અને ભવિષ્યમાં ક્રિયા ચાલુ હશે તે દર્શાવવા. |
| Sign :<br>નિશાની | Tomorrow | At this time,by this time | બીજી ક્રિયા સાદા વર્તમાન કાળની હોય | After this time , before this time |

# (૪) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

**વિષય :– સામાજિક વિજ્ઞાન** **ધોરણ :– ૭** **સત્ર :– પ્રથમ સત્ર**

## પાઠયપુસ્તક વિષે

- કુલ એકમો :– ૯
- પુનરાવર્તન :– ૨

☼ વિશેષ :– મારી વાત, પ્રોજેકટ વિષે,સાપ સીડી

### એકમ ૧ :– બે મહા રાજયો

*:: કનોજ ::*

➢ હર્ષવર્ધનના પિતાનું નામ પ્રભાકરવર્ધન, મોટાભાઈનું નામ રાજયવર્ધન અને બહેનનું નામ રાજયશ્રી હતું.

➢ મોટા ભાઈ રાજયવર્ધન થાણેશ્વરની રાજગાદી સંભાળતા હતા.

➢ હર્ષવર્ધનની બહેન રાજયશ્રીને માળવાના રાજા દેવગુપ્તે કેદ કરી હતી.

➢ સુસંસ્કૃત સાહિત્યકાર અને મહાકવિ બાણભટ્ટથી હર્ષના દરબારની શોભા વધતી.

➢ બાણભટ્ટની કૃતિઓ 'હર્ષચરિત' અને 'કાદંબરી'.

➢ હર્ષવર્ધનની કૃતિઓ 'નાગાનંદ' 'રત્નાવલી'અને ' પ્રિયદર્શિકા'એમ ત્રણ નાટકોની રચના.

➢ હર્ષે નાલંદા વિદ્યાપીઠ આચાર્ય શીલભદ્રની મદદથી પ્રખ્યાત કરી.

➢ નાગાર્જુન નાલંદા વિદ્યાપીઠમાં જ થઈ ગયા હતા.

➢ નાલંદા વિદ્યાપીઠના પુસ્તકાલયનું નામ 'ધર્મગંજ' હતું.

➢ હયુ–એન–ત્સાંગ(629-645) ચીની મુસાફરે બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે 5 વર્ષ માટે નાલંદા વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો હતો.

➢ હર્ષવર્ધનના રાજયમાં ૧૦૦ બૌદ્ધ મઠો હતા.

➢ હયુ–એન–ત્સાંગ ઈ.સ.645 માં મધ્ય એશિયાના માર્ગે ચીન પરત ફર્યો હતો.

*:: વાતાપી ::*

➢ રાજા મંગલેશે વાતાપીમાં નમૂનેદાર વિષ્ણુમંદિર બંધાવ્યું હતું.

➢ પુલકેશી બીજાએ સમ્રાટ હર્ષવર્ધનને હરાવ્યો હતો.

➢ અજંતાની ગુફાઓના કેટલાંક જગમશહૂર ભીંતચિત્રો એ વખતે બન્યાં હતાં.

### એકમ ૨ :– પૃથ્વી ફરે છે

➢ પૃથ્વીની બે પ્રકારની ગતિ છે: દૈનિક ગતિ અને વાર્ષિક ગતિ.

➢ પરિભ્રમણ એટલે ધરી ભ્રમણ અને પરિક્રમણ એટલે કક્ષા ભ્રમણ.

➢ પૃથ્વી પોતાની કાલ્પનિક ધરી પરવિષુવવૃત્ત પર કલાકના 1670 કિમિની ઝડપે ફરી એક ચક્ર પૂર્ણ કરે છે.

➢ પૃથ્વીની કક્ષા વર્તુળાકાર નહિ , પરંતુ લંબગોળાકાર કે ઈંડાકાર છે.

➢ પૃથ્વી એક મિનિટમાં 1670 કિમિની ઝડપે સૂર્યની પરિક્રમા કરી રહી છે.

➢ પૃથ્વી પોતાની ધરી પર $23.50^0$ નો અને કક્ષાની સાથે $66.50^0$ નો ખૂણો બનાવીને ફરે છે.

➢ ૨૧ જૂન લાંબામાં લાંબો દિવસ અને ૨૨ ડિસેમ્બર ટૂંકામાં ટૂંકો દિવસ.

➢ યુરોપના નોર્વેમાં મે મહિનના મધ્યથી જુલાઈના અંત સુધી સૂર્ય આથમતો નથી.

➢ નોર્વેમાં રાત્રીના ૧૨ વાગે પણ સૂર્ય જોવા મળે છે.

### એકમ ૩ :– સરકાર

➢ સરકારના મુખ્ય ત્રણ અંગો છે : ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર.

➢ રાષ્ટ્ર કક્ષાની સરકારને 'કેન્દ્ર સરકાર' કે 'સંઘ સરકાર' કહે છે.

➢ રાજય કક્ષાની સરકારને 'રાજય સરકાર ' કહે છે.

➢ ધારાસભાનું નીચલું ગૃહ એટલે 'વિધાનસભા' અને ઉપલું ગૃહ એટલે 'વિધાનપરિષદ'.

➢ ગુજરાતની ધારાસભા માત્ર નીચલું ગૃહ એટલે 'વિધાનસભા' ધરાવે છે.

➢ ખરડો કાયદો બને તે પહેલાં તેનું ત્રણ વખત વાંચન થાય છે..

➢ બંધારણની જોગવાઈ મુજબ ભારતના કોઈ પણ રાજયની વિધાનસભાના સભ્યની સંખ્યા ૫૦૦ થી વધારે નહિ અને ૬૦ થી ઓછી ન હોવી જોઈએ.

➢ રાજયપાલ રાજયના પ્રથમ નાગરિક છે.

## એકમ ૪ :– રાજપૂત યુગ

- ઉત્તર ભારતમાં ગુર્જર,પ્રતિહાર,પાલ,ચાલુકય,પરમાર વંશના શાસકો થયા.
- દક્ષિણ ભારતમાં પલ્લવ, રાષ્ટ્રકૂટ, કલ્યાણીના ચાલુકયો,ચેર,પાંડય અને ચોલ વંશના શાસકો થયા.
- આઠમીથી બારમી સદી સુધીના મધ્ય કાળને પૂર્વ મધ્યકાળ કહે છે.
- મિહિર ભોજ–ભોજ રાજા પ્રતિહાર વંશમાં થયા.
- ભોજ રાજા કનોજના રાજા હતા.
- માળવાના મુખ્ય શહેરોમાં ઉજ્જૈન અને ધારાનગરી હતાં.
- ધારાનગરી એટલે વર્તમાન મધ્ય પ્રદેશ રાજયનો ધાર જિલ્લો.
- બારમી સદીના અજયરાજ શાકંભરીએ અજયમેરુ નગરની સ્થાપના કરી હતી જે પાછળથી અજમેર નામે ઓળખાયું.
- ચૌહાણ વંશમાં પૃથ્વીરાજ ત્રીજો અને રાયપિથોરા નામના પ્રતાપી રાજા થયા.
- ચંદબરદાઈ કવિએ ‘પૃથ્વીરાજ રાસો’ માં પૃથ્વીરાજ ચૌહાણની વીર કથા આલેખી છે.
- બપ્પા રાવળ સિસોદિયા રાજપૂત વંશના સ્થાપક મનાય છે.
- કલચૂરિયોની રાજધાની ત્રિપૂટી(વર્તમાન તેવર)માં હતી.
- પલ્લવ વંશના શાસકોમાં નરસિંહ વર્મા શકિતશાળી શાસક હતો.
- કાંચીના કૈલાસનાથ મંદિરની રચના પલ્લવ વંશમાં થઈ હતી.
- ચોલ વંશની રાજધાની તાંજોર હતી.
- ચોલ વંશના શાસકો પાસે શકિતશાળી નૌકાદળ હતું.
- કશ્મીરમાં ઉત્પલવંશના શાસકો રાજય કરતા હતા.
- દક્ષિણમાં પાંડય વંશના શાસકો હતા.
- મેગસ્થેનિસે પાંડય વંશના શાસકો વિશે લખ્યું છે કે, આ જાતિનું શાસન સ્ત્રીઓ કરતી હતી.
- ચેરનું બીજું નામ કેરલ છે.
- અશોકના શીલાલેખમાં ‘કેપ્લપુત્ર’ રાજયનો ઉલ્લેખ જોવા મળે છે.
- પાંડય વંશના શાસકોમાં ‘સેતુંગવન’ નામે શકિતશાળી શાસક થયો હતો.

## એકમ ૫ :– સ્થળ અને સમય

- પૃથ્વી પર આડી કલ્પિત રેખાઓને અક્ષાંશવૃત્તો અને ઊભી રેખાઓને રેખાંશવૃત્તો કહે છે.
- GPS – Global Positioning System (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ)
- ઈંગ્લેન્ડમાં ગ્રિનિચ પરથી પસાર થતા $0^0$ રેખાંશવૃત્તને ‘ગ્રિનિચ રેખા’ કહે છે.
- ગ્રિનિચ રેખા પૃથ્વીના પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ એમ બે ભાગ કરે છે.
- $180^0$ રેખાંશવૃત્તને ‘આંતર રાષ્ટ્રીય દિનાંતર રેખા’ કહે છે.
- $180^0$ રેખાંશવૃત્તને ઓળંગતા તારીખ અને વાર બદલાય છે.
- ‘આંતર રાષ્ટ્રીય દિનાંતર રેખા’ પેસેફિક મહાસાગરમાંથી પસાર થાય છે તથા તે વાંકી ચૂકી છે.
- પૃથ્વીનું સૌથી મોટું ઘડિયાળ સૂર્ય છે.
- રેખાંશવૃત્તોની કુલ સંખ્યા 360 છે.
- એક કલાકમાં 15 રેખાંશવૃત્તો સૂર્ય સામેથી પસાર થાય છે.
- દર રેખાંશને પસાર થતાં 4 મિનિટનો સમય લાગે છે.
- પાસપાસેના બે રેખાંશ વચ્ચે 4 મિનિટના સમયનો તફાવત હોય છે.
- આપણા દેશનો પ્રમાણસમય અલ્હાબાદ પાસેથી પસાર થતા $82.5^0$ પૂર્વ રેખાંશ પરથી નકકી થાય છે.
- બે અક્ષાંશવૃત્તો વચ્ચે વાસ્તવિક જમીન સપાટી ઉપર આશરે 111 કિમીનું અંતર હોય છે.
- બે રેખાંશવૃત્તો વચ્ચેનું અંતર ફકત વિષુવવૃત્ત ઉપર આશરે111 હોય છે.

## એકમ ૬ :– મધ્યયુગીન શાસનવ્યવસ્થા અને સ્થાપત્ય

- રાજપુત કાળમાં રાજાનું પદ વંશપરંપરાગત રીતે પ્રાપ્ત થતું.
- કશ્મીરના યશસ્કરને બ્રાહ્મણોની મંડળીએ ગાદીએ બેસાડયો.
- કુમારપાળને મંત્રીસભાના સભ્યોએ ગાદી પર બેસાડયો.
- મહાકવિ માઘે ‘શિશુપાલવધ’ મહાકાવ્ય રચ્યું.
- શ્રી હર્ષે નળ અને દમયંતીની કથા ‘નૈષધચરિત’ મહાકાવ્યમાં કરી.
- રાજા કુમારપાળ વિશે હેમચંદ્રાચાર્યે ‘કુમારપાળ ચરિત્ર’ માં લખ્યું.
- ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’ વ્યાકરણ ગ્રંથની હાથી ઉપર સવારી કાઢવામાં આવી હતી.
- ભવભૂતિએ ‘ઉત્તમરામચરિત’ નાટક લખ્યું હતું.
- નારાયણ પંડિતે પંચતંત્રને આધારે ‘હિતોપદેશ’ વાર્તાસંગ્રહ રચ્યો હતો.
- રાજપૂત યુગમાં ખજૂરાહો,જગન્નાથપુરી,કોણાર્કનું સૂર્યમંદિર,કશ્મીરનું ‘માર્તંડ મંદિર’ અને ગુજરાતના મોઢેરામાં સૂર્ય મંદિર બાંધવામાં આવ્યાં હતાં.

| કવિ/ સાહિત્યકાર | કૃતિ |
|---|---|
| વિશાખાદત્ત | મુદ્રારાક્ષસ |
| કલ્હણ | રાજતરંગિણી |
| બિલ્હણ | વિક્રમાંકદેવ ચરિત્ર |
| સોમદેવ | કથાસરિતસાગર |
| ચંદબરદાઈ | પૃથ્વીરાજ રાસો |
| મેરૂતુંગ | પ્રબોધચિંતામણિ |

- દક્ષિણ ભારતના મંદિરો 'ગોપુરમ' તરીકે ઓળખાતાં.જે તેનાં ઊંચાં ભવ્ય પ્રવેશદ્વારો માટે ખાસ જાણીતાં છે.
- ઈ.સ. 1000 થી 1075 દરમિયાન મહંમદ ગઝનીએ અનેકવાર ભારત પર ચડાઈઓ કરી હતી.
- મહંમદ ગઝની ગઝના પ્રાંતનો સુલતાન હતો.
- સોમનાથ પરની ચડાઈ વખતે ગુજરાતમાં ભીમદેવ સોલંકીનું શાસન હતું.
- શાહબુદ્દીન ઘોરીએ દિલ્લી પર સલ્તનત સ્થાપી હતી.
- કુતબુદ્દીન ઐબક 'ગુલામ વંશ'ના સ્થાપક તરીકે ઓળખાયો.

## એકમ ૭ :– ભારત: સ્થાન,સીમા,વિસ્તાર અને ભૂપૃષ્ઠ

- ભારત 8.4 $^0$ ઉત્તર અક્ષાંશથી 37.6 $^0$ ઉત્તર અક્ષાંશ સુધી અને 68.7 $^0$ પૂર્વ રેખાંશથી 97.25 $^0$ પૂર્વ રેખાંશ સુધી વિસ્તરેલ છે.
- ભારતની ઉત્તરે કશ્મીરથી દક્ષિણે કન્યાકુમારી સુધીની ઉત્તર–દક્ષિણ લંબાઈ આશરે 3214 કિમી છે.
- પૂર્વે અરૂણાચલથી પશ્ચિમે દ્વારકા સુધી પૂર્વ–પશ્ચિમ પહોળાઈ આશરે 2933 કિમી છે.
- ભારતમાં કુલ ૨૯ રાજ્યો, ૧ કેપિટલ સ્ટેટ દિલ્લી અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશો આવેલા છે.
- ભારતનું માઉન્ટ ગોડવિન ઓસ્ટિન($K_2$) શિખર ૮૬૧૧ મીટર ઊંચું છે. જે કારાકોરમની પર્વતમાળામાં આવેલું છે.
- દુનિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ ૮૮૪૮ મીટર ઊંચું છે.
- દખ્ખણનો ઉચ્ચ પ્રદેશ ભારતનો ખનીજ ભંડાર કહેવાય છે.
- ભારતને ૭૫૧૭ કિમી લાંબો દરિયાકિનારો છે.
- અંદમાન–નિકોબાર ટાપુઓનું વહીવટી મથક પોર્ટબ્લેર છે.
- ધરતીએ જાણે સફેદ ચાદર ઓઢી હોય તેવું વિશ્વમાં માત્ર કચ્છનું રણ જ છે.

## એકમ ૮ :– મધ્યયુગનું દિલ્લી દર્શન

- દિલ્લી સલ્તનતની સ્થાપના ઈ.સ. ૧૨૦૬ માં થઈ હતી.
- કુતુબમિનારનું બાંધકામ કુત્બુદ્દીન ઐબકે શરૂ કરાવ્યું અને તેના જમાઈ ઈલ્તુત્મિશે તે બાંધકામ પુરૂં કરાવ્યું.
- ઈલ્તુત્મિશ ગુલામ વંશનો ખરો સ્થાપક મનાય છે.
- ઈલ્તુત્મિશના અવસાન બાદ દિલ્લીની ગાદી પર તેની પુત્રી રઝિયા(ઈ.સ.૧૨૩૬) માં આવી.
- દિલ્લીની ગાદી પર આવનાર પ્રથમ મહિલા સુલતાના રઝિયા બની.
- રુદ્રમ્મા દેવી અભિલેખોમાં પોતાનું નામ પુરૂષો જેવું લખાવતી.
- કશ્મીરની પ્રજા તેમની રાણી દિદ્દાને 'દીદી' ના સ્નેહભર્યા સંબોધનથી બોલાવતી .
- જલાલુદ્દીન ખલજીએ ગુલામ વંશ ઉખેડી નાખીને ખલજી વંશની સ્થાપના કરી હતી.
- અમીર ખુશરૂ અલાઉદ્દીન ખલજીના દરબારના પ્રખ્યાત કવિ હતા.
- ગ્યાસુદ્દીન તુઘલકે તુઘલક વંશ સ્થાપ્યો.
- ગ્યાસુદ્દીન તુઘલકે 'ડાક ચોકી' ટપાલ પદ્ધતિ દાખલ કરી.
- ટપાલીને એ સમયે 'હલકારો' કહેવાતો હતો.
- જાદવકુળના ભાઈઓ હરિહર અને બુકકાએ વિદ્યારણ્ય સ્વામીની પ્રરણાથી ઈ.સ. ૧૩૩૬ માં તુંગભદ્રા નદીને કિનારે વિજયનગર રાજય સ્થાપ્યું.
- 'યોમ્કે' નામના ઈજનેરની મદદથી કૃષ્ણદેવરાયે દક્ષિણ ભારતમાં નહેરોના બાંધકામ કરાવ્યાં હતાં.
- હસન સુલતાને બહમ વંશની સ્થાપના કરી હતી.
- બહમની રાજયમાં મહંમદ ગાવાં નામે બાહોશ વજીર થયો.
- લાહોરના હાકેમે દિલ્લી પર સૈયદ વંશ સ્થાપ્યો.
- બહલોલ નામના અફઘાન સરદારે ઈ.સ.૧૪૫૧ માં દિલ્લીમાં લોદી વંશ સ્થાપ્યો.
- ઈ.સ.૧૫૨૬માં પાણીપતની લડાઈમાં ઈબ્રાહિમ લોદીને હરાવીને બાબરે મુઘલ સામ્રાજયનો પાયો નાખ્યો.

## એકમ ૯ :– રાજયની શાસન વ્યવસ્થા

- કેન્દ્ર અને રાજયોને સોપાયેલા કાર્યો અને સત્તાઓનું વિભાજન ત્રણ યાદીમાં કરાયેલ છે.
- સંઘયાદી :– ૯૭ જેટલા વિષયો
- રાજયયાદી :– ૬૬ જેટલા વિષયો
- સંયુકતયાદી :– ૪૭ જેટલા વિષયો

# ૫. બાલા પ્રોજેક્ટ

❖ પરિચય :– **i-B a L A - Inclusive-Building as Learning Aid**

**બાલા**(શાળ મકાન શીખવા તરીકે) શિક્ષણ ગુણવત્તા સુધારણા તરફ એક નવિન ખ્યાલ છે. જે બાળ મૈત્રીપૂર્ણ,આનંદ આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓને શાળાના મકાનના બંધારણ મારફતે શીખવવાનો પ્રયાસ કરે છે.

આ પ્રકારનો મુળભૂત વિચાર વિચાર વિન્યાસ દ્વારા શોધ કરવામાં આવી હતી,આ ઉપરાંત સ્થાપત્ય સંશોધન અને ડિઝાઈન કેન્દ્રનો યુનિસેફના સપોર્ટથી ગુજરાત દ્વારા સમગ્ર રાજયમાં ૧૬૨૦ થી વધારે મોડેલ શાળાઓમાં લાગુ કરવામાં આવી છે.બાલા પ્રોજેકટના અસરકારક અમલીકરણ તથા રચના કરવા માટે એસ.એસ.એ. ગુજરાત દ્વારા જિલ્લા લેવલે અને બ્લોક લેવલે સિવિલ ઈજનેરની ટીમ સાથેના મુખ્ય શિક્ષક,સહ શિક્ષકને સાંકળી લઈને ટ્રેનિંગ આપવામાં આવેલ છે.રાજય સરકાર પાસે મર્યાદિત સાધન હોવા છતાં પણ બાલા પ્રોજેકટ હેઠળ આવેલ મોડેલ શાળા બનાવવાની ઉત્તરોત્તર વધારો થાય છે.

❖ બાલા પ્રોજેક્ટ શું છે ?

બાલા એટલે 'એવી શાળાને બનાવવી કે જયાં તમામ બાળકોને આવવું ગમે...ભણવું ગમે...અને રોકાવું ગમે....' નો એક સુંદર વિચાર છે. (CWSN) ને આધારિત ખાસ જરૂરિયાતને સામેલ કરી પ્રવૃત્તિ આધારિત શિક્ષણ તથા મુકત વાતાવરણ પૂરું પાડવાનો છે. આવી શાળાઓના બાંધકામ દ્વારા પ્રવૃત્તિ આધારિત શિક્ષણ આપવાના સ્ત્રોતને આધાર મળે છે.

❖ આ પ્રોજેકટના મુખ્ય બે ભાગ છે :

() ભણવાની અને શિક્ષણ આપવાની જગ્યાની પરિસ્થિતિઓમાં વિકાસ કરવો.
() આવી જગ્યાઓમાં આ પ્રોજેકટ દ્વારા શિક્ષણ સ્તરને ઊચું લાવવાનો પ્રયાસ કરવો.

❖ આવી શાળા બનાવવા માટે કઈ જગ્યાનો ઉપયોગ કરી શકાય ?

વર્ગખંડ, દાદરની સીડીઓ, શાળાનું આંગણ, શાળાનો ઓટલો–પાળી વગેરે.........

કઈ આંતરિક જગ્યાઓનો ઉપયોગ કરાય ?

ભોંયતળિયું, દીવાલ, બારીઓ, દરવાજા, છત, છાજલી અને પ્લેટફોર્મ, ફર્નિચર વગેરે...

બાલા પ્રોજેકટ હેઠળ હાલની તમામ શાળાઓમાં આંતરિક જગ્યાઓનો સુંદર રીતે ઉપયોગ કરી શિક્ષણનું ધોરણ વધુ ઉચ્ચ અને કોઠાસુઝ વાળું બનાવીને બાળકો માટેનું મુકત અને આનંદદાયક વાતાવરણ આપવું.

❖ બાલા પ્રોજેકટ હેઠળ કામ કરવાનું કારણ :–

- શાળાને સર્વગ્રાહીની જેમ જોવામાં આવે છે.
- શાળામાં બાળકોને આનંદદાયક વાતાવરણ પૂરું પડે છે.
- શાળાના બાહ્ય દેખાવનો શિક્ષણ સાથે અનુબંધ જોડી શકાય છે.
- વર્ગખંડ શિક્ષણમાં શાળાની દિવાલોનો ટી.એલ.એમ. તરીકે ઉપયોગ કરી શકાય છે.

| ૬. જુલાઈ રાઉન્ડ અપ | | |
|---|---|---|
| તારીખ | મહત્વના બનાવો | |
| ૧ જુલાઈ | > | દશકના ધમધમાટ બાદ ગૂગલની પ્રારંભિક સોશિયલ નેટવર્કિંગ સાઈટ ORKUT સપ્ટેમ્બરમાં સત્તાવાર બંધ થશે તેવી ગૂગલ દ્વારા જાહેરાત કરાઈ. |
| | > | પંકજ અડવાણીએ IBSF 6 વર્લ્ડ સ્નૂકરનો ખિતાબ જીત્યો. |
| ૨ જુલાઈ | > | ગુજરાત સરકાર દ્વારા રાજયમાં સૌપ્રથમ વલસાડ જિલ્લામાં '૧૦૪' નંબરથી 'ફીવર હેલ્પલાઈન' ની શરૂઆત કરવામાં આવી. |
| ૪ જુલાઈ | > | કેન્દ્રીય કૃષિ મંત્રાલય ભારત દ્વારા 'કિસાન મંડી' નામની યોજના શરૂ કરવામાં આવી જેમાં શરૂઆતના તબકકે ખેડૂતો બટાકા,ટામેટાં અને ડુંગળી સીધા ગ્રાહકોને વેચી શકશે. |
| | > | વારાણસીમાં આવેલી ૪૫૦ કોમ્પુટર ધરાવાતી 'બનાસ હિન્દુ યુનિવર્સિટી'ની સેન્ટ્રલ લાયબ્રેરી એશિયાની સૌથી મોટી લાયબ્રેરી બની ગઈ છે. |
| | > | ભારતીય ઓલેમ્પિક સંઘ(IOA) દ્વારા ૩૫ માં 'નેશનલ ગેમ્સ' ની તારીખોની ઘોષણા કરવામાં આવી.આ ગેમ્સ ૩૧ જાન્યુઆરીથી ૧૪ ફેબ્રુઆરી વચ્ચે કેરળમાં રમાશે.જેના સદભાવના રાજદૂત તરીકે સચિન તેન્ડુલકરની પસંદગી કરાઈ છે. |
| ૫ જુલાઈ | > | ચેક રિપબ્લિકની કિવટોવાએ ફાઈનલમાં કેનેડાની બોઉચાર્ડને હરાવી વિમ્બલ્ડન વિમેન્સનું ટાઈટલ જીત્યું. કિવટોવાનું આ બીજું વિમ્બલ્ડન વિમેન્સનું ટાઈટલ છે.આ અગાઉ તેને ૨૦૧૧ માં શારાપોવાને હરાવી હતી. |
| ૬ જુલાઈ | > | ગુજરાતના કાર્યવાહક રાજયપાલ તરીકે માર્ગરેટ આલ્વાની નિમણૂંક.હાલના રાજયપાલ કમલા બેનીવાલની મિઝોરમના રાજયપાલ તરીકે બદલી. |
| | > | સર્બિયાના ટેનિસ સ્ટાર યોકોવિચે સ્વિસ લેજેન્ડ ફેડરરને હરાવીને કારકિર્દીનું બીજું વિમ્બલ્ડન સ્લેમ જીત્યું. |
| ૯ જુલાઈ | > | ગુજરાતના અમિત શાહની ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદે નિયુકિત કરાઈ. |
| ૧૧ જુલાઈ | > | આજનો દિવસ "વિશ્વ જન સંખ્યા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તેની થીમ "યુવા લોકોમાં રોકાણ– INVESTING IN YOUNG PEOPLE" રાખવામાં આવી છે. |
| | > | વિખ્યાત રંગકર્મી ઝોહરા સહગલનું ૧૦૨ વર્ષની વયે નિધન. તેઓ પદ્મવિભૂષણથી સન્માનિત હતાં. |
| | > | ગુજરાત ટેકનિકલ શિક્ષણ કમિશ્નર દ્વારા શરૂ કરાયેલ " Know Your college" પોર્ટલનું મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. |
| | > | સંયુકત રાષ્ટ્રના અહેવાલમાં દિલ્લી ૨.૫ કરોડની વસ્તી સાથે ટોકિયો પછીનું વિશ્વનું બીજા નંબરનું મોટું શહેર બન્યું. |
| ૧૨ જુલાઈ | > | ભારતે સૌ પ્રથમ દેશી બનાવટનું યુદ્ધ જહાજ 'INS કામોર્તા' ને કલકત્તામાં ભારતીય નેવીને સોપ્યું. |
| ૧૪ જુલાઈ | > | ઓ.પી.કોહલીની ગુજરાતના ગર્વનર તરીકે નિમણૂંક. |
| | > | જર્મનીએ ૧–૦ થી આર્જેન્ટિનાને હરાવીને ૨૦ મો ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યો. |

| | | |
|---|---|---|
| | > | >ગોલ્ડન બોલ :- લાપોનેલ મેસી , > ગોલ્ડન બૂટ :- જેમ્સ રોડ્રીગ્યુઝ , > ગોલ્ડન ગ્લોવ :- મેન્યુલ નેથોર, > બેસ્ટ યંગ પ્લેયર :- પોલ પોગ્બા , > ફેર પ્લે :- કોલંબિયા |
| ૧૬ જુલાઈ | > | ૬ લાખ કરોડની બ્રિકસ બેન્કનું વડું મથક ચીનમાં. જયારે ૬ વર્ષ સુધી તેનું સુકાન ભારતના હાથમાં. આ બેન્કને 'ન્યુ ડેવલપમેન્ટ બેન્ક' નામ આપવામાં આવ્યું છે. |
| | > | બ્રિકસના પાંચ સભ્ય દેશો : ભારત,ચીન,બ્રાઝિલ,રશિયા અને દક્ષિણ આફ્રિકા |
| ૨૧ જુલાઈ | > | વડા પ્રધાનના અંગત સચિવ  તરીકે મીસરીની જગ્યાએ સંજીવ કુમાર સિંગલાની નિમણૂંક કરવામાં આવી.વિક્રમ મીસરીને સ્પેનના રાજદૂત તરીકે મોકલાયા. |
| ૨૨ જુલાઈ | > | ઈંગ્લેન્ડમાં ચાલી રહેલ ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરિઝમાં લોર્ડઝના મેદાન ખાતે યોજાયેલ બીજી ટેસ્ટમાં ભારતે ૨૮ વર્ષ પછી આ મેદાન પર વિજય હાંસલ કરી.<br>આ ટેસ્ટમાં બીજી ઈનિંગમાં ૭ વિકેટ લેનાર ઈશાંત શર્માને મેન ઓફ ધ મેચનો એવોર્ડ અપાયો. |
| ૨૩ જુલાઈ | > | આજથી સ્કોટલેન્ડના ગ્લાસગોમાં ૨૦મા કોમન વેલ્થ ગેમની શરૂઆત થઈ. 'ફુટબોલના ઘર' કહેવાતા સેલ્ટિક પાર્કમાં તેનો ઉદઘાટન સમારોહ યોજયો. |
| ૨૪ જુલાઈ | > | ભારતે પ્રથમ સ્વદેશી બનાવટનું સંશોધન જહાજ 'સિંધુ સાધના' નું માર્મગોવા બંદરે જલાવરણ કર્યુ. |
| ૨૫ જુલાઈ | > | કેન્દ્રીય કેબિનેટ દ્વારા વીમા ક્ષેત્રે સીધા વિદેશી રોકાણ (Foreign Direct Investment-FDI) ની મર્યાદા ૨૬% થી વધારીને ૪૯% કરવાની મંજૂરી આપવામાં આવી. |
| | > | ગુજરાતના મુખ્ય માહિતી કમિશ્નર પદે બલવંતસિંહની નિમણૂંક કરવામાં આવી. |
| ૨૬ જુલાઈ | > | (કારગીલ વિજય દિવસ) |
| | > | ગુજરાત સરકારે ધોરણ ૧૨ પાસ થયેલાં તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ નાણાંના અભાવે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ઓછી આવક ધરાવતાં વાલીઓનાં સંતાનો માટે ' મુખ્ય મંત્રી શિષ્યવૃત્તિ' યોજનાની જાહેરાત કરી.<br>• આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને રૂ. ૫ હજારથી રૂ. ૨ લાખ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. |
| | > | કોમન વેલ્થ ગેમ્સ- ૨૦૧૪ માં અભિનવ બિન્દ્રાએ ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં ૨૦૫.૩ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો. |
| | > | યુક્રેનના વડા પ્રધાન અરસેની યત્સેનયુકે રાજીનામું આપ્યું |
| ૨૭ જુલાઈ | > | ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાને નવા બનેલા રાજય તેલંગાણાની બ્રાન્ડ એમ્બેસડર બનાવવામાં આવી.તેલંગાણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ છે. |
| ૨૮ જુલાઈ | > | દૂરદર્શનના શાસ્ત્રીય સંગીતના રિયાલટી શો 'નાદ ભેદ – ધ મિસ્ટ્રી ઓફ સાઉન્ડ' ને લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં નોંધવામાં આવશે. |
| ૩૦ જુલાઈ | > | ભારત-અમેરિકા વચ્ચે થનારી પાંચમી વ્યૂહાત્મહ મંત્રણા માટે અમેરિકી વિદેશપ્રધાન જૉન કેરી ભારત આવ્યા. |
| | > | દક્ષિણ આફ્રિકાના ઓલ રાઉન્ડર જેક કાલિસે આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી. |
| ૩૧ જુલાઈ | > | ભારતીય સેનાના નવા વડા તરીકે લેફટનન્ટ જનરલ દલબીર સિંહ સુહાગે આજે હોદ્દો સંભાળ્યો. |

# ૭. શબ્દકોશનો ઉપયોગ

➢ વાંચતા – વાંચતા કોઈ એવો શબ્દ આવી જાય જેનો અર્થ આપણને ન આવડતો હોય તો તેનો અર્થ કેવી રીતે જાણવો ? પાઠયપુસ્તકમાં તો આવા અઘરા શબ્દોની સમજૂતી પાઠ નીચેના શબ્દાર્થમાં આપેલી હોય છે. પણ બીજા પુસ્તકોમાં એવું ન હોય. અઘરા શબ્દોના અર્થ જાતે પણ મેળવી શકાય છે. શબ્દોના અર્થ શોધવા માટે 'શબ્દકોશ' ઉપયોગી છે. શબ્દકોશમાં શબ્દોને ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવેલા હોય છે.

- શબ્દોને પ્રથમ બારાક્ષરી પ્રમાણે તેમજ કકકાવારીના ક્રમમાં ગોઠવવામાં આવે છે.
  - ✓ બારાક્ષરીનો ક્રમ : અ , અં , આ , ઈ.....
  - ✓ કકકાનો ક્રમ : ક , ખ , ગ , ઘ ....
- શબ્દકોશમાં સૌથી પહેલા 'અ' થી શરૂ થતાં છેલ્લે 'હ' થી શરૂ થતા શબ્દો આવશે. 'ક્ષ' એ 'ક' અને 'શ' નો જોડાક્ષર હોવાથી 'ક્ષ' થી શરૂ થતા શબ્દો 'ક' ના ક્રમમાં આવે છે.
  'જ્ઞ' એ 'જ' અને 'ગ' નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ'થી શરૂ થતા શબ્દો 'જ' ના ક્રમમાં આવે છે.
- 'ક' થી 'હ' સુધી અક્ષરોને શબ્દકોશના ક્રમમાં ગોઠવાય છે. 'ક' નો આવો ક્રમ નીચે પ્રમાણે થાય છે :

**ક , કં , કા , કાં , કિ , કિં , કી , કીં , કુ , કું , કૂ , કૂં , કૃ , ર્ક, કે , કેઁ , કેં , કૈ , કૈં , કોં , કો , કોં , કૌ , કૌં , ક્ર , ક્રં....**

- શબ્દનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે આગળ વધવું. દા.ત., વિષય , વિષમ , વિપદમાં 'વિ' સમાન છે. 'ષ' અને 'પ' માં 'પ' આગળ આવે, આથી પહેલો શબ્દ વિપદ આવે. બાકીના બે શબ્દોમાં 'વિ' અને 'ષ' સમાન છે તેથી ત્રીજા અક્ષર . 'ય' અને. 'મ' માં આગળ . 'મ' આવે. આમ , આ શબ્દોનો ક્રમ આ પ્રમાણે આવે : વિપદ , વિષમ , વિષય.
- જે–તે અક્ષરનો બારાક્ષરીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડાનાર અક્ષરોના ક્રમ કકકા પ્રમાણે નકકી થાય છે. જેમ કે, 'સ્મિત' અને 'સ્થિર' માં 'સ્થિર' પછી 'સ્મિત' આવે.
  - સ્વરોનો ક્રમ પણ બારાક્ષરીના ક્રમ પ્રમાણે નકકી થાય છે.

(ગુજરાતી ધો– ૬ના પ્રથમ સત્રના પાઠપુસ્તકમાંથી સાભાર)

# ૮. સમાસ

- **દ્વંદ્વ સમાસ :–** બે અથવા બેથી વધારે પદ સમાન કક્ષાનાં હોય છે. બંને પદોને છૂટા પાડતા વખતે 'અને' 'કે' 'અથવા' ઉમેરવામાં આવે છે. *ઉદા. હાથપગ, આસપાસ, શાકભાજી, રીતરિવાજ, રાતદિવસ, દાળભાત, હરિહર, જમાઉધાર, હરતાંફરતાં, પાણીબાણી, દવાદારૂ*
- **દ્વિગુ સમાસ :–** પહેલું પદ સંખ્યાવાચક હોય છે.બીજા પદનો સમૂહની રીતે વિગ્રહ થતો હોય છે. *ઉદા. નવરંગ, ત્રિકોણ,ચોમાસું, સપ્તાહ, અષ્ટકોણ, પંચવટી, અષ્ટદલ, પંજાબ, શતદલ, દશાનન, અચ્છેર, દોઢ ડાહ્યું, બારમાસી*
- **તત્પુરુષ સમાસ :–** બંને પદો વિભકિત સંબંધથી જોડાયેલા હોય છે. વિગ્રહ કરતી વખતે વિભકિત પ્રત્યય ઉમેરાય. *ઉદા .સત્યાગ્રહ – સતયનો આગ્રહ,નિદ્રાવશ–નિદ્રાને વશ,પદભ્રષ્ટ – પદથી ભ્રષ્ટ, સરોવર – સર(પાણી)માં ઉત્તમ(વર), દેહાંત – દેહનો અંત, કુસગુરુ – કુલના ગુરુ , રાજદરબાર – રાજાનો દરબાર , માતૃવત્સલ – માતૃ પ્રત્યે વત્સલ*
- **મધ્યમપદલોપી સમાસ :–** બંને પદોને છૂટા પાડતી વખતે વિભકિત પ્રત્યય ઉપરાંત નવાં પદો ઉમેરાય. પહેલું અને છેલ્લું પદ ભેગાં કરતી વખતે વચ્ચેના પદોનો લોપ દૂર થાય છે. *ઉદા. ઘોડાગાડી – ઘોડા વડે ચાલતી ગાડી, ટાઈમટેબલ – ટાઈમ દર્શાવતું ટેબલ, જકાતનાકું – જકાત ભરવાનું નાકું , ગોળધાણા – ગોળમિશ્રિત ધાણા, જ્ઞાનતંતુ – જ્ઞાન પ્રસરાવતા તંતુ, પગદંડી – પગને ચાલવાની દંડી , બાળલગ્ન – બાળપણમાં થયેલ લગ્ન*
- **ઉપપદ સમાસ :–** બીજું પદ ક્રિયા દર્શાવનારું હોય છે. વિગ્રહ કરતાં 'નાર' પ્રત્યય ઉમેરાય છે. *ઉદા. વ્યાજખોર– વ્યાજ ખાનાર , જડબાતોડ– જડબું તોડનાર , શાહીચૂસ– શાહી ચૂસનાર ,ગળાકાપ– ગળું કાપનાર ગિરિધર – ગિરિને ધારણ કરનાર , ભયાનક – ભય કરનાર , ભૂચર – જમીન પર ફરનાર, પગરખું – પગને સાચવનાર*
- **કર્મધારય સમાસ :–** પહેલું પદ બીજા પદનું વિશેષણ હોય છે. *ઉદા. ભવ્યમૂર્તિ – ભવય એવી મૂર્તિ, ચંદ્રમુખ – ચંદ્ર જેવું મુખ, ગંગાનદી અ ગંગા એ જ નદી, ચાંદામામા – ચાંદા એ જ મામા , મહાવીર – મહાન એવા વીર, પરદેશ – પર એવો દેશ*
- **બહુવ્રીહિ સમાસ :–** પહેલું પદ બીજા પદનું વિશેષણ હોય, એક પદની બીજા પદ સાથે સરખામણી થતી હોય અથવા બંને પદ વચ્ચે વિભકિત સંબંધ હોય અને આખો સમાસ પોતે કોઈ ત્રીજા પદ માટે વપરાતું વિશેષણ હોય. *ઉદા. સત્યવાદી – જે સત્ય બોલે છે તે , કર્ણપ્રિય – કર્ણને પ્રિય છે તે , ગદાધર – જેને ગદા ધારણ કરી છે તે, ,ચોધાર – જેને ચાર ધારા છે તે, દામોદર – જેના ઉદર પર દામ(દોરડું) છે તે , પંચરંગી – જેને પાંચ રંગ છે તે.*
- **અવ્યવીભાવ સમાસ :–** એક પદ અવ્યય હોય. આખો સમાસ ક્રિયા વિશેષણ હોય. *ઉદા. આજીવન – જીવન રહે ત્યાં સુધી, યથાશકિત – શકિત પ્રમાણે, કાયદેસર – કાયદા પ્રમાણે, પ્રત્યેક – પ્રતિ એક , યથાયોગ્ય – જરૂરી હોય એટલું.*

# ૯. બાળ મનોવિજ્ઞાન

## ➢ બાળકો સાથેના વ્યવહારમાં આટલું જરૂર કરીએ :–

- ✓ બાળકના વ્યકિતત્વનો સંપૂર્ણ સ્વીકાર કરીએ.
- ✓ બાળકને સન્માન આપીએ.
- ✓ બાળકો સામે આપણા ચહેરા પર પ્રસન્નતા અને હાસ્ય રાખીએ.
- ✓ દરેક બાળક વિશિષ્ટ છે એવું સમજીને અને એની અનુભૂતિ દરેક બાળકને પણ થાય તેવો વ્યવહાર કરીએ.
- ✓ પ્રોત્સાહક શબ્દોનો ઉપયોગ ઉદારતાથી કરીએ.
- ✓ બાળકોને અભિવ્યકિતની તક આપીએ.
- ✓ બાળકોની ખૂબી–ખામી સમજીએ અને ખૂબીઓને / સિદ્ધિઓને જાહેરમાં બિરદાવીએ. ખામીઓના મૂળમાં પહોંચી તેને વ્યકિતગત રીત સમજીને દૂર કરવાનો પ્રયાસ કરીએ.
- ✓ જે બાળક જે રીતે શીખે તે રીતે શીખવીએ.
- ✓ બાળક શીખવામાં વધુ કે ઓછો સમય લઈ શકે તે સ્વીકારીએ.
- ✓ વધુ સમયની જરૂરિયાત વાળા બાળકોને શીખવામાં વધુ સમય આપીએ.

## ➢ બાળકો સાથેના વ્યવહારમાં આટલું તો ન કરીએ :–

- ✗ બાળકોને શારીરિક કે માનસિક શિક્ષા કયારેય ન કરીએ.
- ✗ બાળક સાથે ભેદભાવયુકત વ્યવહાર ન કરીએ.
- ✗ બાળકની ઉણપો કે ક્ષતિને જાહેરમાં ખુલ્લી ન કરીએ. આખા વર્ગ સમક્ષ એને હાંસી પાત્ર ન બનાવીએ.
- ✗ બાળકનું સ્વમાન ઘવાય તેવા શબ્દ પ્રયોગો અને વ્યવહાર ટાળીએ.
- ✗ બાળકના સામાજીક પરિવેશ , જ્ઞાતિ, વાલીનો વ્યવસાય, આર્થિક સગવડો કે વાલીની નિરક્ષરતાનો ઉલ્લેખ કરીને બાળકોને કયારેય અપમાનિત ન કરીએ.

@@@@@@@

**પત્ર વ્યવહારનું સરનામું**

મિથુન પટેલ
મદદનીશ શિક્ષક
લેંડાઉ પ્રાથમિક શાળા
તા. થરાદ જિ. બનાસકાંઠા
પિન: ૩૮૫૫૬૫
મો.નં. ૯૮૨૫૯ ૯૦૯૯૬
e-mail : mithunpatel09@gmail.com
www.mspatel09.in

To,

..........................................

..........................................

..........................................

PIN. | | | | | |